# આધાર–૫૯૩

## બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓ, માધ્યમિક શાળાઓ, અધ્યાપન મંદિર, યુનિવર્સિટી અને કોલેજના કર્મચારીઓને રજા મુસાફરીના તથા મેડિકલ સવલતોના લાભ

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૭૯-ખ-૫૫૩૫-ગ,
સચિવાલય, ગાંધીનગર. તા. ૫ માર્ચ, ૧૯૮૦

ઠરાવ :– સરકારી કર્મચારીઓને તથા પંચાયતના કર્મચારીઓને રજા મુસાફરી તથા મેડિકલ સવલતોના લાભોની સુવિધા મળે છે તે લાભો બિન સરકારી શૈક્ષણિક સંસ્થાઓને આપવાનો પ્રશ્ન સરકારની સક્રિય વિચારણા હેઠળ હતો. સક્રિય વિચારણાને અંતે સરકારે નિર્ણય લીધો છે કે આ સુવિધાનો લાભ આવા તમામ બિન શૈક્ષણિક તથા શૈક્ષણિક કર્મચારીઓને પણ આપવો. આથી સરકાર ઠરાવે છે કે તા. ૧-૧-૮૦ના વર્ષથી આ રજા મુસાફરીનો લાભ તા. ૧-૩-૮૦થી મેડિકલ વળતરનો લાભ શિક્ષણ વિભાગ હેઠળ ગ્રાન્ટ મેળવતી યુનિવર્સિટી કોલેજ, ઉચ્ચત્તર માધ્યમિક સહિત અને માધ્યમિક શાળા અને અધ્યાપન મંદિરમાં તમામ કર્મચારીઓને આ લાભ સરકારી કર્મચારીના ધોરણે મળી શકશે."

૨. આ વિષયમાં સરકારી કર્મચારીઓને મળતા લાભોના નિયમોમાં જે સુધારા થશે તે પણ તેઓને આપોઆપ લાગુ પડશે.

૩. આ અંગેનું જે ખરેખર ખર્ચ થાય તેટલી રકમ ગ્રાન્ટ – ઇન-એઇડ તરીકે તે સંસ્થાઓને આપવામાં આવશે.

૪. રજા મુસાફરીના લાભનો બ્લોક ૧૯૮૦-૮૧ થી શરૂ થશે. એટલે કે ૧૯૮૦ તથા ૧૯૮૧ ના વર્ષનો એક બ્લોક પ્રથમ બ્લોક રહેશે.

૫. આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ-૧૧૭૯-ખ-૨૨૦૩-ગ-ઉપર નાણાં વિભાગની સંમતિ તારીખ ૧૫-૨-૮૦ના રોજ મેળવી કરવામાં આવે છે.

૬. આ અંગેની વિગતવાર સૂચનાઓ જિલ્લા શિક્ષણાધિકારી તરફથી જે તે સંસ્થાઓને કરવામાં આવે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) ચં. મો. કોઠારી
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.